# વાપીના ફ્લેટમાં 500ની બનાવટી નોટો છપાતી હતી

**પૈસા** ડબલ કરવાની લાલચમાં મહિલાએ પોતાના હરિયાના ફ્લેટમાં જ નકલી નોટોનું પ્રિન્ટિંગ શરૂ કરાવ્યું

**રોકડા,** પ્રિન્ટર, કેબલ વાયર સહિત 17,680નો મુદ્દામાલ જપ્ત, મહિલા સહિત બે ઝડપાયા, ત્રણ વોન્ટેડ




### નોટ કટિંગનું મશીન મહારાષ્ટ્ર બોર્ડર પર પકડાઈ ગયું છે, બંડલો કેમિકલ લગાડી પેક કર્યા છે, ખોલતા નહીં

પોલીસે છાયાદેવીની પૂછપરછ કરતા એકાદ મહિના પહેલા સંજય પવારે રૂ.30 લાખના રૂ.80 લાખ કરી આપવાની વાત કરી હતી. જે બાદ સંજય તથા તેના ઓળખીતા બે પુરૂષ અને સ્ત્રી સાથે ફ્લેટ પર આવી મીટીંગ કરી હતી. જે બાદ છાયાબેને રૂ.10 લાખ તેઓને આપ્યા હતા અને તે જ દિવસે કલર પ્રિન્ટર અને કાગળ સહિત જરૂરી સામાન લઈ આવી છાપવાનું કામકાજ શરૂ કર્યુ હતું. બીજા દિવસે તેઓએ બાકીના રૂ.20 લાખ માંગ્યા હતા અને તે રકમ પણ છાયાબેને આપી હતી. છાયાબેને તમામ રૂ.30 લાખ આપ્યા હતાં. ત્રીજા દિવસે તેમના ફ્લેટ પર કોઈ આવ્યું ન હતું અને છાયાબેને સંજયનો સંપર્ક સાધતા જાણવા મળ્યું કે, નોટ કટીંગ કરવાનું મશીન મહારાષ્ટ્ર બોર્ડર પર પકડાઈ ગયું છે. સંજયે રૂમની ચાવી આપી હતી અને કહ્યું કે, રૂ.80 લાખની ચલણી નોટના બંડલો કેમિકલ લગાડી પેક કરેલ છે તે ખોલતા નહીં. ફ્લેટમાંથી બનાવટી રૂ.500ના દરની નોટો નંગ-4716 મળી આવી હતી.

વાપીઃ વાપીના ડુંગરા વિસ્તારના હરીયા પાર્કના નક્ષત્ર પેલેસના એક ફ્લેટમાં રૂ. 500ના દરની નકલી નોટો છાપવાના કામનો પર્દાફાશ થયો છે. પોલીસે એક મહિલા સહિત બેને ઝડપી પાડી 3 લોકોને વોન્ટેડ બતાવ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, એલસીબી ટીમને પેટ્રોલીંગ દરમિયાન મળેલી બાતમીને આધારે, વાપી નજીકના ચણોદ કોલોનીમાં રહેતા સંજય સોમનાથ પવાર (ઉં.51, રહે. ચણોદ કોલોની, વાપી, મૂળ કપરાડા તાલુકાના ભંડારકચ્છ તથા નાશિક જીલ્લાના અંદરસુલ, મહારાષ્ટ્ર)ને ઝડપી પાડ્યો હતો. તેની અંગઝડતી કરતા રોકડા 1580, બે મોબાઈલ ફોન તથા સોલ્ડર બેગમાંથી કોરા કાગળ ઉપર રૂ.500ના દરની ખોટી ભારતીય ચલણી નોટ 144 મળી આવી હતી. પોલીસ પૂછપરછમાં તેણે એકાદ મહિના પહેલા તેના સાળા દિલિપ ત્ર્યંબક કાપસે (રહે. ઔરંગાબાદ સીટી, મહારાષ્ટ્ર)ના ઘરે કામાર્થે ગયો હતો. સાળાએ જણાવ્યું કે, પૈસા ડબલ કરી આપનારા મારા કોન્ટેકમાં છે, કોઈ પાર્ટી હોય તો કહેજે, કમિશન મળી જશે. સંજયે તેના ઓળખીતા છાયાદેવી મંડલ (રહે. ભડકમોરા, વાપી)ને પૈસા ડબલ કરવાની વાત કરતા તેણે હા પાડી હતી, જે બાદ સંજયે સાળાને વાત કરી હતી. ત્યારબાદ સાળાના ઓળખીતા સ્વાતિબેન તથા એક ઈસમ સાથે 6-1-26ના રોજ વાપી આવેલા હતા અને તેઓ ભેગા મળી હરીયાપાર્ક, નક્ષત્ર પેલેસમાં છાયાદેવી મંડલના ફ્લેટમાં જઈ મીટિંગ કરી કામ કરવાનું નક્કી કર્યુ હતું.

છાયાદેવીને રૂ.30 લાખના રૂ.80 લાખ બનાવી આપવાનું નક્કી થયેલ અને તેમના ફ્લેટમાં જ નકલી નોટ છાપવાનું કામ કરવાનું નક્કી કર્યુ હતું. છાયાદેવીએ પૈસા આપતા સંજયનો સાળો સાધનસામગ્રી લઈ આવ્યો હતો અને ફ્લેટમાં ચલણી નોટો છાપવાનું ચાલુ કર્યુ હતું. ફ્લેટધારક છાયાદેવી સુદેશ મંડલ (ઉં.40, હાલ રહે. મંગલ કોમ્પ્લેક્સ, ભડકમોરા-વાપી)ના આ ફ્લેટમાં તપાસ કરતા પ્રિન્ટર, કેબલ વાયર, રૂ.500ના ખોટી ચલણી નોટના છૂટા કાગળો તથા સાધનસામગ્રી મળી આવી હતી. પોલીસે બે મોબાઈલ ફોન, રોકડા તથા પ્રિન્ટર સહિતની સાધનસામગ્રી મળી કુલ 17,680/-નો મુદ્દામાલ કબ્જે કરી હતી અને સંજય સોમનાથ પવાર તથા છાયાબેનની અટક કરી છે. પોલીસે દિલિપ કાપસે, સ્વાતિ તથા એક ઈસમને વોન્ટેડ બતાવી આગળની વધુ તપાસ કરી રહી છે.

# ડાભેલની પ્રિન્સ ગાર્ડન હોટલના રૂમમાં આગ લાગતા યુવક ભડથું

**ચાર** મિત્ર મકરસંક્રાંતિ ઉજવવા, ફરવા દમણ આવ્યા હતા, ત્રણ મિત્ર નીચે જમવા ગયા ને એક આગને હવાલે થઈ ગયો




### પ્રિન્સ ગાર્ડન હોટલના રૂમમાં આગથી બચવા સીલિંગના શાવર હતા કે નહીં?

હોટલોમાં મહેમાનોના રૂમમાં આગ જેવી ઘટના સર્જાય ત્યારે સિલીંગ તરફથી પાણીના શાવરવાળા સેન્સર લગાવામાં આવેલા હોય છે. આગ જેવી કોઈ ઘટના સર્જાય ત્યારે તે એક્ટિવ થઈ પાણીનો શાવર શરૂ થઈ જતો હોય છે, જેના કારણે મોટી દુર્ઘટનાથી બચી શકાતું હોય છે. ત્યારે આવી કોઈ વ્યવસ્થા ડાભેલની પ્રિન્સ ગાર્ડનના રૂમમાં હતી કે નહીં તેવો ગણગણાટ આ વિસ્તારમાં રહેતા પ્રબુદ્ધ લોકોમાં ઉઠ્યો હતો.

દમણઃ સંઘપ્રદેશ દમણના ડાભેલ સ્થિત હોટલ પ્રિન્સ ગાર્ડનમાં બીજા માળે એક રૂમમાં આગ લાગતા રાજકોટના એક યુવાનનું દાઝીને બાથરૂમમાં ગૂંગળાઈ જવાથી મોત નીપજ્યું હતું.

રાજકોટ શહેરમાં રહેતા 37 વર્ષીય વિનય વિરમગામા, 29 વર્ષીય ક્ષિતિજ પંડ્યા, 32 વર્ષીય સતીષ વિનોદભાઈ ભૂત અને 31 વર્ષીય પાર્થ ધીરુભાઈ પગધર મકરસંક્રાંતિના દિવસે દમણ ફરવા માટે આવ્યા હતાં. આ મિત્રો ડાભેલમાં હોટલ પ્રિન્સ ગાર્ડનના બીજા માળે રૂમ લઈ ખાણીપીણી કરી રહ્યા હતા. બપોરે વિનય વિરમગામા બેડરૂમમાં સૂતેલો હતો. જ્યારે અન્ય 3 મિત્ર હોટલના નીચેના ભાગે રેસ્ટોરન્ટમાં જમવા ગયા હતાં.

આ દરમ્યાન હોટલના બીજા માળે આગ લાગવાની જાણ હોટલ સંચાલકો અને વિનયના મિત્રોને થતાં તેઓ તુરંત ઉપર દોડી વિનયને બચાવવાનો પ્રયત્ન કર્યો હતો. લોકોએ રૂમ ખોલતા અંદર આગની જ્વાળાઓએ આખા રૂમને પોતાની ચપેટમાં લઇ લીધી હતી. વિનય રૂમના બાથરૂમમાં પાણીનો શાવર ચાલુ હોય અને તેની નીચે દાઝેલી અવસ્થામાં ગુંગળાઈને બેભાન જેવી સ્થિતિમાં પડેલો જોવા મળ્યો હતો. તેને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવતાં ડોક્ટરોએ વિનય વિરમગામા (ઉં.37, રહે. આકાશવાણી ક્વોર્ટર્સની પાછળ, યુનિવર્સિટી રોડ, રાજકોટ, ગુજરાત)ને મૃત જાહેર કર્યો હતો. દમણ સોમનાથ ફાયર વિભાગની 6 જેટલી ટીમે પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. હોટલમાં કામ કરતા એક-બે માણસોને પણ આ ઘટનામાં નાની મોટી ઇજાઓ થઈ હતી.



# ઉત્તરાયણમાં પણ સુંવાલી બીચ પર બે દિવસ લોકોની ભારે ભીડ

**ઉત્તરાયણ**-વાસી ઉત્તરાયણની રજાઓમાં પરિવાર અને યુવાનોનો બીચ પર ભારે ધસારો રહ્યો

સુરતઃ સુવાલી બીચ ફેસ્ટિવલ દરમિયાન ત્રણ દિવસ સુરતીઓએ મનભર માણ્યો હતો. 9, 10 અને 11 તારીખે યોજાયેલા ફેસ્ટિવલનો આનંદ લઈને પણ ઉતરાયણ અને વાસી ઉતરાયણની સરકારી તથા ખાનગી રજાઓને પગલે સુરતીઓનો મોજમસ્તીનો ઉત્સાહ યથાવત રહ્યો હતો.

ફેસ્ટિવલ પૂરું થયા બાદ પણ સુવાલી બીચ પર મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા અને સતત બે દિવસ સુધી બીચ વિસ્તારમાં ભારે ભીડ જોવા મળી હતી. ફેસ્ટિવલના દિવસોમાં વિવિધ કાર્યક્રમો, સંગીત, મનોરંજન અને ભોજનની વ્યવસ્થાને કારણે લોકોમાં ખાસ આકર્ષણ રહ્યું હતું. જોકે, વ્યસ્તતા કે અન્ય કારણોસર જે સુરતીજનો ફેસ્ટિવલમાં જઈ શક્યા નહોતા, તેઓ ફેસ્ટિવલ પૂર્ણ થયા બાદ ઉતરાયણ અને વાસી ઉતરાયણની રજાઓનો લાભ લઈને સુવાલી બીચ પર ફરવા પહોંચ્યા હતા. બીચ પર પરિવાર સાથે ફરવા આવેલા લોકો, મિત્રમંડળીઓ અને યુવાનોમાં ખાસ ઉત્સાહ જોવા મળ્યો હતો.

ઘણા લોકોએ દરિયાકિનારે સૂર્યાસ્તનો આનંદ લીધો તો કેટલાકે ફોટોગ્રાફી અને મોજમસ્તીમાં સમય પસાર કર્યો હતો. બાળકો માટે રજાઓની મજા અને મોટા માટે રોજિંદી દોડધામમાંથી વિરામરૂપ વાતાવરણ સર્જાયું હતું. ઉતરાયણના પર્વની ખુશી અને બીચની ઠંડી પવન સાથે સુરતીઓએ રજાઓને યાદગાર બનાવી હતી. ફેસ્ટિવલ પૂરું થયા બાદ પણ સુવાલી બીચ પર જોવા મળેલી ભીડથી સ્પષ્ટ થયું કે સુરતીઓ માટે સુવાલી બીચ માત્ર ફેસ્ટિવલ પૂરતું જ નહીં, પરંતુ રજાઓ દરમિયાન મનગમતું ફરવાલાયક સ્થળ બની રહ્યું છે.

**૧૬ ફૂટ ઊંચું અને ૬૦૦ કિલો વજન ધરાવતું**

# અખંડ શક્તિ ત્રિશૂલ અંબાજીના ત્રિશૂલિયા ઘાટ પર સ્થાપિત કરાશે

**૧૭** જાન્યુઆરીએ અખંડ શક્તિ ત્રિશૂલને અમદાવાદ ખાતે દર્શન માટે ખુલ્લું મુકાશે

ગાંધીનગરઃ ઉત્તરકાશી સ્થિત આશરે ૧૫૦૦ વર્ષ જૂના અખંડ શક્તિ ત્રિશૂલની દિવ્ય પ્રેરણાથી અંબાજીના પ્રખ્યાત ત્રિશૂલિયા ઘાટ ખાતે ૧૬ ફૂટ ઊંચું અને આશરે ૬૦૦ કિલો વજન ધરાવતું દિવ્ય "અખંડ શક્તિ ત્રિશૂલ"સ્થાપિત કરવામાં આવશે. આ સ્થાપના શક્તિ પરંપરાના પુનર્જાગરણનું પ્રતીક બનશે. સ્થાપિત થનાર આ ત્રિશૂલ ઉત્તરકાશીના વિશ્વનાથ મંદિર નજીક ભાગીરથી નદીના કિનારે સ્થિત માતા આદ્યશક્તિના પવિત્ર અખંડ શક્તિ ત્રિશૂલની પ્રતિકૃતિ રૂપે તૈયાર કરવામાં આવ્યું છે. આ ત્રિશૂલ માત્ર એક શિલ્પ નથી, પરંતુ શક્તિ, આસ્થા અને આધ્યાત્મિક ચેતનાનું પ્રતીક છે. દેવી મહાત્મ્ય મુજબ, જ્યારે અસુરોના અત્યાચારથી ત્રિલોક વ્યાકુળ બન્યો ત્યારે બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવના તેજના સંયોજનથી અઢાર ભુજાવાળી આદ્યશક્તિ માતા જગદંબાનું પ્રાગટ્ય થયું હતું. ભગવાન શિવ દ્વારા અર્પિત દિવ્ય ત્રિશૂલથી માતાએ મહિષાસુરનો સંહાર કરી ધર્મ અને સત્યની સ્થાપના કરી હતી. આ જ દિવ્ય ભાવના અને શક્તિના સંદેશને આધારે અંબાજીમાં આ ત્રિશૂલની સ્થાપના કરવામાં આવી રહી છે. અંબાજીનું ત્રિશૂલિયા ઘાટ ધાર્મિક અને આધ્યાત્મિક દ્રષ્ટિએ વિશેષ મહત્વ ધરાવે છે. આ ઘાટ માતા અંબાજીના દર્શન માટે જતા યાત્રાળુઓના માર્ગ પર આવેલો છે અને અહીં પહોંચવાનો માર્ગ થોડી ચઢાણવાળો તથા પડકારજનક છે. માન્યતા છે કે આ સ્થળ પર માતાની વિશેષ કૃપા અને રક્ષણ શક્તિ વ્યાપેલી છે. ત્રિશૂલિયા ઘાટ પર દિવ્ય ત્રિશૂલની સ્થાપનાથી યાત્રાળુઓમાં આત્મવિશ્વાસ, નિર્ભયતા અને આધ્યાત્મિક શક્તિની ભાવના વિકસે તેવો હેતુ રાખવામાં આવ્યો છે. આથી અંબાજીનો પવિત્ર યાત્રામાર્ગ વધુ આશીર્વાદમય અને સુરક્ષિત બની રહેશે. બનાસકાંઠા જિલ્લા કલેકટર અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન મિહિર પટેલના હસ્તે આગામી ૧૭ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ અખંડ શક્તિ ત્રિશૂલને દર્શન માટે ખુલ્લું મુકશે. ભકતજનો આ દિવ્ય ત્રિશૂલના દર્શન આગામી ૨૧ જાન્યુઆરી સુધી બપોરે ૦૩:૦૦ થી સાંજે ૦૮:૦૦ વાગ્યા સુધી દર્શન કરી શકશે.

# કચ્છ દરિયાકાંઠેથી એક પાક. બોટ સાથે નવ પાકિસ્તાનીઓ ઝડપાયા

**પાકિસ્તાનીઓ** કયા ઈરાદે ભારતીય જળ સીમામાં ઘૂસ્યા? નાપાક ઈરાદો હતો કે કેમ? તેની તપાસ શરૂ

ગાંધીનગરઃ ગુજરાતના કચ્છના સરહદી દરિયાકાંઠાએથી ભારતીય કોસ્ટ ગાર્ડએ નવ પાકિસ્તાની નાગરિકો સાથે એક પાક. બોટ જપ્ત કરી આ નાગરિકોની સઘન પૂછપરછ હાથ ધરી છે.

આ અંગે મળતી માહિતી મુજબ કચ્છના દરિયાકાંઠે આંતરરાષ્ટ્રીય જળ સીમામાં ભારતીય કોસ્ટ ગાર્ડની ટીમ પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન એક શંકાસ્પદ પાકિસ્તાનની બોટ જણાય આવી હતી.

આ બોટને કોસ્ટગાર્ડની ટીમ આંતરીને તપાસ કરતા તેમાં નવ પાકિસ્તાની નાગરિકો હતા. આ તમામ પાકિસ્તાની નાગરિકોની અટકાયત કરી બોટ જપ્ત કરી, કોસ્ટ ગાર્ડની ટીમએ સઘન પૂછપરછ હાથ ધરી છે.

પ્રાથમિક પૂછપરછમાં આ પાકિસ્તાની નાગરિકો માછીમાર હોવાનું બહાર આવ્યું છે, પરંતુ કયા ઈરાદે તેઓ ભારતીય જળ સીમા તરફ ઘૂસ્યા અને ભારતીય જળસીમામાં આવી પહોંચ્યા તેમનો કોઈ નાપાક ઈરાદો હતો કે કેમ ? તે દિશામાં સુરક્ષા એજન્સીઓએ તપાસ શરૂ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છના દરિયાકાંઠે અગાઉ પણ પાકિસ્તાનીઓ બોટ સાથે પકડાયા છે. જેમાં કેટલીક વખત આંતકીઓના સાથીઓ પણ પકડાઈ ચૂક્યા છે.

આ વખતે પણ સઘન તપાસ કરવામાં આવી રહી છે. જોકે, પ્રાથમિક રીતે આ માછીમારો જ જણાઈ રહ્યા છે.

પરંતુ ઘનિષ્ઠ તપાસને અંતે તેઓ કોઈ મિશન સાથે આવ્યા હતા કે કેમ? તેની વિગતો પણ બહાર આવશે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### ફાનસ ગાયબ...

ખૂબ મોટી સંખ્યામાં સુરતનું આકાશ રંગબેરંગી પતંગોથી છવાયું હતું. તેમાં પણ આ વખતે વિવિધ પ્રકારના રમકડાના ફુગ્ગાથી માંડીને બ્લોઅર દ્વારા પિપુડીઓ વગાડવાનો પણ નવો ટ્રેન્ડ જોવા મળ્યો હતો. સુરતીઓએ સવારે ઉત્તરાયણ, સાંજે નવરાત્રિ અને રાત્રે ફટાકડાં ફોડીને દિવાળી ઉજવી હતી.

14 મીએ ઉત્તરાયણના દિવસે સુરતના ધાબા, અગાસીઓ 'એ કાયપો, એ લપેટ'ના દેકારાઓ સાથે ગૂંજી ઊઠ્યા હતા. બંને દિવસ સાંજ પડતાં ડીજે, મ્યુઝિક સિસ્ટમના તાલે ડાન્સ-ગરબાની રમઝટ બોલાવી હતી. સુરતની ઉત્તરાયણમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, દર્શના જરદોશ, પૂર્ણેશ મોદી, ઝંખના પટેલ, અભિનેતા ધર્મેશ વ્યાસે પતંગબાજી કરી હતી. ઉત્તરાયણની પૂર્વ રાતે અને ઉત્તરાયણના દિવસે સવારે પતંગ, દોરી અને એસેસરીઝ ખરીદવા ડબગરવાડ, રાંદેર, કોટ સફીલ રોડ, કાંસકીવાડના પતંગ બજારોમાં કીડિયારું ઊભરાયું હતું. ઉત્તરાયણ પૂર્વ રાતે અને બીજા દિવસે સવારે અમદાવાદ, ખંભાત, નડિયાદ, આણંદ, સુરતના પતંગો 10થી 20% મોંઘા થવા છતાં મોડી રાતે હરાજીના સસ્તા પતંગ ખરીદવા પડાપડી કરી હતી. સંભાવના એવી છે કે, બચી ગયેલા પતંગ, દોરીનો ઉપયોગ રવિવારે પણ પતંગ ઉડાડી કરવામાં આવશે.

આ વર્ષે પણ સુરતની અગાસીઓ, ધાબાઓ પર ઊંધિયા પાર્ટી, ઉંબાડિયા પાર્ટીનો ટ્રેન્ડ જોવા મળ્યો હતો. સવારે બ્રેકફાસ્ટમાં સુરતીઓએ ફાફડા, ભજિયા, ખમણ, ખમણી અને લોચા સાથે જલેબીની મિજબાની માણી હતી. સોસાયટી અને એપાર્ટમેન્ટના લોકોએ ફંડફાળો કરી ભોજનની વ્યવસ્થા કરી હતી. સાથે સાથે કેટલાક એપાર્ટમેન્ટના લોકોએ ડીજે.ની વ્યવસ્થા પણ કરી હતી. કેટલાક લોકોએ અગાસી, ધાબાઓ પર ઉત્તરાયણ પૂર્વે રાતથી જ સાઉન્ડ સિસ્ટમ લગાવી રાખી હતી. 14 મીએ અને 15 મીએ સૂર્યાસ્ત પછી રિમોટ સંચાલિત અને વિશેષ દોરીથી ઊડતા લાઈટિંગવાળા પતંગો ઊડતા જોવા મળ્યા હતા.

ઉત્તરાયણના પર્વને સુરતીઓએ મનભરીને માણ્યો હતો. વહેલી સવારથી જ સુરતનું આકાશમાં રંગબેરંગી પતંગોનું રાજ જોવા મળ્યું હતું. ધાબા પર દિવસભર 'કાઈપો છે, એ લપેટ'ની બૂમો વચ્ચે પીપૂડીનો કર્કશ અવાજ અને ઢોલ-ત્રાસાના નાદ સાથે લોકોએ પતંગ ચગાવવાની મજા માણી હતી. 14મી અને 15 મીએ અંધારું થતાં જ દિવાળી અને નવરાત્રિ જેવો માહોલ જોવા મળ્યો હતો. લોકોએ અગાસી, ધાબા પરથી આતશબાજી છોડી આકાશ રોશનીથી ભરી દીધું હતું. ધાબા પર જ ગરબાની રમઝટ જામતાં નવરાત્રિ જેવો માહોલ પણ જામ્યો હતો.

### વાસી ઉત્તરાયણના...

સાપુતારા, ધરમપુર વિલ્સન હિલ્સ, પદમ ડુંગરી, સ્ટેચ્યુ ઓફ લિબર્ટી, તિથલ અને મહારાષ્ટ્રના હથગઢમાં ઉજવી હતી. સુરતમાં વાસી ઉત્તરાયણે પતંગબાજોનો ઉત્સાહ જળવાઈ રહ્યો હતો. બાળકો-યુવાનો ફિરકી લઈને પતંગ ઉડાડવા અગાસી, ધાબાઓ પર પહોંચ્યા હતા. સુરતમાં વાસી ઉત્તરાયણના દિવસે પણ માહોલ જામ્યો હતો.

### કરોડોનું ઊંધિયું...

લાંબી લાઈન લાગી હતી. સુરતીઓએ છેવટના ઓર્ડર પેટે ઊંધિયાની મજા' માણવા કિલો દીઠ વધારાના 100-150 રૂપિયા વધુ ચૂકવ્યા હતા. શુદ્ધ ઘીની જલેબી, ફાફડા અને સુરતી ઊંધિયાની ડિમાન્ડ ખૂબ રહી હતી. સુરત એપીએમસીના ડિરેક્ટર બાબુભાઈ શેખે જણાવ્યું હતું કે, સુરત એપીએમસી માર્કેટમાં રતાળુ, સુરતી પાપડી, શક્કરિયાં અને રીંગણની આવક હોવા છતાં માંગ 5 ગણી વધી ગઈ હતી. સામાન્ય દિવસોમાં જે રતાળુ કે પાપડી વ્યાજબી ભાવે મળતા હતા, તેના ભાવ બે દિવસ માટે આસમાને પહોંચ્યા છે. રતાળુ, સુરતી પાપડી, શક્કરિયા અને રીંગણની માંગ 5 ગણી વધુ રહી હતી. સુરતી ઊંધિયું, જેમાં પાપડી, રતાળુ, રવૈયા અને મુઠિયાનો ઉપયોગ થાય છે, તેનો ભાવ પ્રતિ કિલો 425થી 500 રૂપિયા સુધી પહોંચ્યો હતો. ફરાળી ઊંધિયામાં વપરાતું સૂરણ, રાજગરાનો લોટ અને ડ્રાયફ્રૂટ્સ જેવી સામગ્રીની પણ ડિમાન્ડ રહી હતી. સમગ્ર સુરતમાં 2 દિવસમાં આશરે 6થી 7 લાખ કિલો ઊંધિયાનું વેચાણ થવાનો અંદાજ છે. ચૌટા બજારના અગ્રણી ફરસાણ વેપારી નીતિનભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે, ગેસના ભાવ અને ટ્રાન્સપોર્ટેશનના ખર્ચને જોડતા, ગત વર્ષની સરખામણીએ નફાનું માર્જિન ઘટ્યું છે. આથી, ગુણવત્તા જાળવી રાખવા માટે ભાવમાં વધારો કરવો વેપારીઓ માટે અનિવાર્ય બની ગયો છે. ગ્રાહકો પણ આ બાબત સમજી રહ્યા છે અને ગુણવત્તાયુક્ત ઊંધિયા માટે વધુ કિંમત ચૂકવી રહ્યા છે. આ વર્ષે ઊંધિયું કિલો દીઠ 40થી 50 રૂપિયા મોંઘું પડી રહ્યું છે.

### દોરીથી બચવામાં...

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ વેસ્ટબંગાળના હુગલી જિલ્લાના બોલાગઢ થાણાના વતની અને હાલ સૈયદપુરા વિસ્તારમાં ભંડારીવાડ ખાતે રહેતા રેહાન રહીમ શેખ (ઉં.વ. 34) સોની કામ કરતો હતો તેમજ પત્ની રેહાના (ઉં.વ. 33) અને દીકરી અલીશા (ઉં.વ. 10) સાથે રહેતો હતો. દરમિયાનમાં ઉતરાયણના દિવસે રજા હોવાથી રેહાન શેખે પરિવાર અને મિત્ર વર્તુળ સાથે જમવાનો અને ત્યારબાદ મોરાભાગળ સ્થિત ગાર્ડનમાં ફરવા જવાનો કાર્યક્રમ બનાવ્યો હતો. બપોરે મિત્રવર્તુળ સાથે જમ્યા બાદ મિત્રો આગળ નીકળી ગયા હતા અને થોડી વારમાં રેહાન શેખ પણ પત્ની અને દીકરીને બાઈક પર બેસાડી ગાર્ડન તરફ નીકળ્યા હતા.

હોડી બંગલા તરફથી રાંદેર રોડ જતાં તેઓ ચંદ્રશેખર આઝાદ બ્રિજ પર ચડ્યા હતા. નદીનો બ્રિજ પુરો કરીને કનેકટેડ ફ્લાય ઓવર બ્રિજ પર પરિવાર પહોંચ્યો પરંતુ અચાનક બ્રિજના વળાંક પાસે જ રાંદેર તરફ જતી દિશામાં અચાનક પતંગનો કાતિલ દોરો બાઈક પર આવી ગયો હતો. દોરાથી બચવાના પ્રયાસમાં રેહાન શેખથી અચાનક એક્સિલેટર વધુ આપી દેવામાં આવ્યું હતું, જેના કારણે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવી બાઈક સીધી બ્રિજની દીવાલ સાથે ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બાઈક તો બ્રિજ પર જ રહી ગઈ, પરંતુ રેહાન શેખ, તેમની પત્ની રેહાના અને દીકરી અલીશા ત્રણેય જણા સીધા નીચે પટકાયા હતા.

### 70 ફુટ...

ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં ગુરુવારે બપોરે 11:30 વાગ્યાના સુમારે સારવાર દરમિયાન તેમનું પણ મોત થયું હતું. આ રીતે એક જ અકસ્માતમાં પતિ-પત્ની અને પુત્રી એમ આખો પરિવાર દુનિયા છોડીને ચાલ્યો ગયો હતો.

### ડુંગરાનાં 114...

ખૂબ જ સાદગીથી જીવન જીવ્યાં હતાં. પોતાનું કામ પણ પોતે જ કરતાં હતાં અને ઘરમાં જાતે હરતાં ફરતાં હતાં. આટલી ઉંમરે પણ જાતે જ રકાબીમાં જ ચા પીતા હતાં. ગંગાબાની પાંચમી પેઢી છે. વર્ષો અગાઉ જ્યારે બારડોલી ખાતે ગાંધીજી આવ્યા હતા ત્યારે ગંગાબા અને ગામના અન્ય લોકો સાથે ચાલતા ચાલતા ડુંગરાથી બારડોલી ખાતે પ્રવચન સાંભળવા માટે ગયાં હતાં. ગંગાબા પોતે બળદગાડા વડે ખેતી પણ કરતાં હતાં. ખેતીનું પણ તમામ કામ જાતે જ કરતાં હતાં. ગંગાબાના પરિવારમાં ત્રણ દીકરીઓ મંજુબેન, ગુલાબબેન, પુષ્પાબેન હાલમાં હયાત છે અને પોતાની સાસરીમાં રહે છે. જ્યારે પુત્ર ઠાકોરભાઈનું 2018 માં અવસાન થયું હતું. ઠાકોરભાઈના પણ ત્રણ પુત્ર સંજય, સુનીલ અને કૌશિક છે. તેમને ત્યાં પણ સંતાન છે. હાલમાં પાંચમી પેઢી ગંગાબા સાથે રહેતી હતી. ગંગાબાના એક નાના બહેન મણીબેન (ઉં.વ.103) ઉંભેળ ખાતે રહે છે. કોઈકવાર પોતાના ખેતરમાં પૌત્ર સાથે કારમાં બેસી ખેતર જોવા માટે જતાં હતાં. ગંગાબાના પુત્ર સ્વ.ઠાકોરભાઈની ઇચ્છા હતી કે માતાનું અવસાન થાય ત્યારે અંતિમયાત્રા ફટાકડા ફોડી અને બેન્ડ સાથે કાઢવામાં આવે. જેને લઈ ઉત્તરાયણના દિવસે સવારે 7.15 કલાકે ગંગાબાનું અવસાન થતાં અંતિમયાત્રા કાઢવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. ખોલવડ કૈલાસધામ ખાતે અગ્નિસંસ્કાર કરવામાં આવ્યાં હતાં. ગંગાબા વિશે ગુજરાતમિત્રમાં ડુંગરા-જીઓર ગામની આસપાસ ચોપાસની પૂર્તિમાં પણ લખવામાં આવ્યું હતું.

### સુરતમાં ઉત્તરાયણની...

નોંધાતાં આ સિઝનની અત્યાર સુધીની સૌથી ઠંડી રાત તરીકે નોંધાઈ છે. શહેરમાં વહેલી સવારે ઠંડીના કારણે લોકો ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા જોવા મળ્યા હતા. ખાસ કરીને ખુલ્લા વિસ્તારો અને નદી કાંઠાના વિસ્તારમાં ઠંડીની તીવ્રતા વધુ અનુભવાઈ હતી. ઠંડીના વધતા પ્રભાવને પગલે ગરમ કપડાં, હીટર અને ગરમ પીણાંની માંગમાં પણ વધારો જોવા મળ્યો છે. મહત્વનું છે કે વર્ષ ૨૦૨૪માં જાન્યુઆરીનું લઘુત્તમ તાપમાન ૧૪.૦ ડિગ્રી અને ૨૦૨૫માં ૧૫.૫ ડિગ્રી સુધી જ સીમિત રહ્યું હતું. તે દરમિયાન શિયાળો નામ પૂરતો રહ્યો હતો. પરંતુ આ વર્ષે બે વર્ષ બાદ ફરી એક વખત લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થતાં શિયાળાની તીવ્રતા અનુભવાઈ રહી છે. હવામાન વિભાગના આંકડાઓ મુજબ, ૨૦૧૨થી ૨૦૧૯ દરમિયાન જાન્યુઆરીમાં લઘુત્તમ તાપમાન ૧૧ થી ૧૨ ડિગ્રી આસપાસ રહેતું હતું, જ્યારે છેલ્લા કેટલાક વર્ષોમાં તેમાં સતત વધારો જોવા મળ્યો હતો. આવી સ્થિતિમાં ૨૦૨૬માં ૧૩.૨ ડિગ્રી સુધી તાપમાન ઉતરવું નોંધપાત્ર ગણાય છે અને તેને "રેકોર્ડ બ્રેકિંગ"ઠંડી તરીકે જોવામાં આવી રહી છે.

#### ચોવીસ કલાકમાં રાતનો પારો 3.2 ડિગ્રી ગગડ્યો

હવામાન નિષ્ણાતોનું કહેવું છે કે ઉત્તર દિશાના ઠંડા પવન અને સ્વચ્છ આકાશના કારણે રાત્રિના તાપમાનમાં ઘટાડો થયો છે. આગામી એક-બે દિવસ દરમિયાન પણ વહેલી સવારે ઠંડીનો અહેસાસ યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. શહેરમાં આજે મહત્તમ તાપમાન બે ડિગ્રી વધીને 31.6 ડિગ્રી નોંધાયું છે. જ્યારે લઘુત્તમ તાપમાન 3.2 ડિગ્રી ગગડીને 13.2 ડિગ્રી નોંધાયું છે. હવામાં 47 ટકા ભેજની સાથે 4 કિમીની ઝડપે ઉત્તર-પૂર્વનો પવન ફુંકાયો હતો.

#### છેલ્લાં 6 વર્ષની જાન્યુઆરી મહિનાની ઠંડી

| વર્ષ | તાપમાન |
|---|---|
| 2021 | 12.6 |
| 2022 | 13.4 |
| 2023 | 12.0 |
| 2024 | 14.0 |
| 2025 | 15.5 |
| 2026 | 13.2 |

### ઉત્તરાયણે નવસારી...

હતું. જેને કારણે લોકોએ ઠંડીનો અનુભવ કર્યો હતો.

**ભરૂચઃ** ભરૂચમાં પણ તાપમાનનો પારો ગગડીને 14 ડિગ્રી થઈ જતાં ઉત્તરાયણના દિવસે લોકોએ સાંજે સ્વેટર પહેરવાનો સમય આવ્યો હતો.

**રાજપીપળાઃ** નર્મદા જિલ્લામાં પણ પારો ઉતરીને 10 ડિગ્રી નોંધાયો હતો.

**વ્યારાઃ** તાપી જિલ્લામાં પણ તાપમાનનો પારો ઘટીને 19 ડિગ્રી નોંધાયો હતો.

### ઉત્તરાયણે રાજ્યમાં...

હવામાન વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, રાજયમાં આગામી 48 કલાક દરમિયાન ઠંડીનો ચમકારો જોવા મળશે. આજે અમરેલીમાં 6 ડિગ્રી ઠંડી નોંધાવવા પામી હતી. રાજયમાં દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર તથા કચ્છમાં સામાન્ય કરતાં ઠંડીનો પારો નીચે રહ્યો હતો. દક્ષિણ ગુજરાતમાં પણ કાતિલ ઠંડી અનુભવાઈ રહી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ, હવે આગામી 48 કલાક સુધી રાજયમાં કાતિલ ઠંડી અનુભવાશે. હવામાન વિભાગના સુત્રોએ કહ્યું હતું કે, રાજયમાં આજે અન્ય શહેરો પૈકી ભૂજમાં 12 ડિ.સે.,નલિયામાં 10 ડિ.સે., કંડલા પોર્ટ પર 11 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 8 ડિ.સે., અમરેલીમાં 6 ડિ.સે., ભાવનગરમાં 11 ડિ.સે.,રાજકોટમાં 8 ડિ.સે.,સુરેન્દ્રનગરમાં 11 ડિ.સે.,મહુવામાં 9 ડિ.સે., કેશોદમાં 7 ડિ.સે., અમદાવાદમાં 11 ડિ.સે.,ડીસામાં 9 ડિ.સે., ગાંધીનગરમાં 11 ડિ.સે.,વલ્લભ વિદ્યાનગરમાં 13 ડિ.સે.,વડોદરામાં 10 ડિ.સે.,અને સુરતમાં 13 ડિ.સે. અને દમણમાં 13 ડિ.સે., લઘુત્તમ તાપમાન નોંધાવવા પામ્યું છે.

### પરિવાર ટીવી...

વિશ્વ કપની પ્રથમ મેચ હોય મેચ શરૂ થાય તે અગાઉ સમગ્ર પરિવાર ટીવી સામે બેસી ગયો હતો. હેનિલએ પ્રથમ ઓવરમાં જ વિકેટ લેતા પરિવાર ખુશીથી ઝુમી ઉઠ્યો હતો. વિશ્વ કપ હોય સાથે પ્રથમ મેચ અને અમેરિકા સામે બોલિંગ કરી 5 વિકેટ લેવી એ ટીમના કેપ્ટનનું માર્ગદર્શન, સાથી ખેલાડીઓની મહેનત, ચુસ્ત ફિલ્ડિંગ અને હેનિલની ક્રિકેટ પ્રત્યેની સમર્પિતતા મહત્વની છે. માત્ર અમારો પરિવાર જ નહીં ફળિયાના ઘરોમાં પણ ટીવી ઉપર વિશ્વ કપની મેચ જોઈ રહેલા લોકોએ હેનિલએ 5 વિકેટ લેતા અભિનંદન આપ્યા હતાં.

# મુખ્યમંત્રીએ પહેલા ઢીલ આપી અને બાદમાં ખેંચીને પતંગ કાપી નાંખ્યો

**મુખ્યમંત્રીએ** વાડી ગામના રહીશો સાથે પતંગ ચગાવીને ઉત્તરાયણ પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી કરી

ગાંધીનગરઃ રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનું મૃદુ અને મક્કમ છે. તેમની આ છાપ ઉતરાયણ પર્વના દિવસે પણ તેમનામાં જોવા મળી હતી. અમદાવાદના દરિયાપુર વિસ્તારના વાડીગામમાં સ્થાનિક રહીશો સાથે પતંગ ચગાવી હતી, ત્યારે દાદાએ પહેલા પંતગને ઢીલ આપી પછી ખેંચીને કાપ્યો હતો.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અમદાવાદના દરિયાપુર વિસ્તારમાં આવેલા વાડીગામ ખાતે ઉતરાયણના દિવસે સ્થાનિક રહીશો સાથે પતંગ ચગાવી પેચ લડાવીને પેચ કાપ્યો હતો.

જેમ પતંગ આકાશની ઊંચાઈઓને આંબે છે, તેમ ગુજરાત વિકાસની નવી ઊંચાઈઓ સર કરે તેવી ભાવના સાથે ભૂપેન્દ્ર પટેલએ વાડીગામની મૂળજી પારેખની પોળમાં પતંગ ચગાવીને પર્વનો આનંદ માણ્યો હતો. મુખ્યમંત્રીશ્રીને પોતાની વચ્ચે જોઈ સ્થાનિકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. પોળના રહીશોએ પોતપોતાના ધાબા પરથી હર્ષનાદ અને અભિવાદન સાથે મુખ્યમંત્રીનું સ્વાગત કર્યું હતું.

# જિલ્લાની આંગણવાડીઓનું નવીનીકરણ કરવામાં આવશે

**જિલ્લા** પંચાયત ૧૬થી ૩૧ જાન્યુ. સુધી ડ્રાઈવ ચલાવશે

### ૬૬થી વધુ આંગણવાડીમાં નવીનીકરણ

ઝુંબેશ દરમિયાન જિલ્લામાં ૬૬ થી વધુ નવા આંગણવાડી કેન્દ્રોમાં નવીનીકરણની કામગીરી હાથ ધરવામાં આવશે. આ કેન્દ્રોમાં ખાતમુહુર્ત કરીને કામગીરી શરૂ કરવામાં આવશે અને નક્કી કરેલા સમયમર્યાદામાં ઝડપથી પૂર્ણ કરવાની યોજના બનાવવામાં આવી છે.

### આ પ્રકારના માળખાકીય સુધારણાઓ કરાશે

પોતાનું મકાન ધરાવતા આંગણવાડી કેન્દ્રોમાં આંતરિક અને બાહ્ય રંગકામ, નાના-મોટા મરામત કાર્ય, પીવાના પાણી, શૌચાલય સહિતની સ્વચ્છતા સંબંધિત સુવિધાઓ અને બાળકોની સુરક્ષા અને આરામ માટે જરૂરી માળખાકીય સુધારણાઓ કરાશે.

સુરતઃ રાજ્યભરમાં તા. ૧૬ થી ૩૧ જાન્યુઆરી દરમિયાન વિશેષ આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. જિલ્લામાં વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન કુલ ૨૪૧ આંગણવાડી કેન્દ્રોમાં નવીનીકરણની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે.

આંગણવાડી કેન્દ્રોની સુવિધાઓ સુધારવા માટે જિલ્લામાં કુલ રૂ. ૬ કરોડથી વધુની રકમ ફાળવવામાં આવી છે. રાજ્ય સરકારની ગ્રાન્ટ રૂ. ૪ કરોડ અને જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી રૂ. ૨ કરોડ ફાળવ્યા છે.